# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-04-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-મન કી બાત-121:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદના સાયન્સ સિટીની વિવિધ ગેલેરીઓને વિજ્ઞાન અને વિકાસનો સમન્વય ગણાવી. મન કી બાતની 121મી કડીમાં શ્રી મોદીએ કહ્યું, આ સાયન્સ ગેલેરી આધુનિક વિજ્ઞાનની ક્ષમતા દર્શાવે છે. મન કી બાત કાર્યક્રમ દરમિયાન શ્રી મોદીએ જણાવ્યું, છેલ્લા કેટલાંક વર્ષોમાં અમદાવાદ વૈશ્વિક ગરમી સામે લડાઈ લડનારાં મુખ્ય શહેરોમાંનું એક બન્યું છે. તેમણે ઉમેર્યું, અમદાવાદમાં છેલ્લા કેટલાંક વર્ષોમાં 70 લાખથી વધુ વૃક્ષો લગાવાયાં છે.**

------------------------------------------------------------------------------------------

## રાજ્ય-સર્વોચ્ચ અદાલત ન્યાયધીશ:

**સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ બી.આર.ગવઈએ ભારતના બંધારણને સમાનતા અને સમરસતાનું પ્રતિબિંબ ગણાવ્યું હતું. ગુજરાત રાજ્ય કાનૂની સેવા-સત્તામંડળ દ્વારા નર્મદાના એકતાનગર ખાતે યોજાયેલા મેગા લીગલ અવેરનેસ એન્ડ એમ્પાવરમેન્ટ કેમ્પમાં શ્રી ગવઈએ આમ જણાવ્યું હતું.**

**આ કેમ્પમાં કાનૂની અધિકારો અને સરકારી યોજનાઓ અંગે આદિવાસી નાગરિકોને જાગૃત્ત કરાયા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ન્યાયાધીશોના હસ્તે વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય, લાભોનું વિતરણ કરાયું હતું.**

------------------------------------------------------------------------------------------

## કચ્છ-બાંગ્લાદેશી મહિલા:

**પૂર્વ કચ્છમાંથી પોલીસે છ બાંગ્લાદેશી મહિલાને પકડી પાડી છે. મેઘપર બોરીચીમાંથી ઝડપાયેલી મહિલાઓએ ગેરકાયદે રીતે ઘુસણખોરી કરી આધારકાર્ડ બનાવ્યા હોવાનો પણ ખુલાસો થયો છે. મહિલાઓને પરત બાંગ્લાદેશ મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે.**

---

## કચ્છ-ગાંધીધામ-માદક પદાર્થ:

**કચ્છ જિલ્લામાંથી 29 ગ્રામ માદક પદાર્થના જથ્થા સાથે પોલીસે બે લોકોને ઝડપી પાડ્યા છે. આ અંગે મળતી સત્તાવાર સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગાંધીધામ બસ સ્ટેશન નજીક પંજાબના બે વ્યક્તિ પાસેથી માદક પદાર્થ મળી આવ્યો હતો. પોલીસે બાતમીના આધારે દરોડો પાડી માદક પદાર્થના જથ્થા સાથે બંનેને ઝડપી લીધા હતા. બંને વિરુદ્ધ NDPS એકટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરાઇ છે.**

---

## રાજ્ય-હવામાન:

આગામી 24 કલાક બાદ રાજ્યના મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થવાની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 24 કલાક દરમિયાન રાજ્યના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. જોકે ત્યારબાદ ગરમીમાં વધારો થશે. આગામી સાત દિવસ દરમિયાન તાપમાનનો પારો

40 થી 44 ડિગ્રી સેલ્શિયસ સુધી રહી શકે છે, જ્યારે આગામી ચાર દિવસ દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેશે.દરમ્યાન ગઈકાલે કચ્છ જીલ્લામાં  અંજાર ગાંધીધામ વિસ્તારમાં મહત્તમ તાપમાન 45 ડિગ્રીને પાર કરી ગયુ હતં. જયારે જીલ્લા મથક ભુજ ખાતે મહત્તમ તાપમાન 43.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું.

રાજ્યમાં ગઇકાલે રાજકોટમાં સૌથી વધુ 44 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સિવાય 10 શહેરોમાં તાપમાનનો પારો 40 ડિગ્રીથી વધુ રહ્યો હતો.

---

## કચ્છ-યુનિવર્સિટી-કચ્છ મ્યુઝિયમ ચિત્ર પ્રદર્શન :

કચ્છ યુનિવર્સિટી અને કચ્છ મ્યુઝિયમના સંયુક્ત ઉપક્રમે કચ્છ યુનિવર્સિટી દ્વારા શરૂ કરાયેલા ફાઈન આર્ટસ વિભાગના વિધાર્થીઓ દ્વારા વર્ષ દરમ્યાન થયેલા કાર્યનું ચિત્ર પ્રદર્શનનું આયોજન કરાયું છે. આ ચિત્ર પ્રદર્શન તારીખ 30મી એપ્રિલ સુધી ચાલશે. જેનું ઉદ્ઘાટન કુલપતિ મોહનભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતું.

--------------------------------------------------------------------------------

## કચ્છ-નિરોણા ગ્રામ પંચાયત:

ગામડા વિકાસ સાથે રાજ્યનો વિકાસ એ થીમ પર આધારીત મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજનામાં નિરોણા ગ્રામપંચયાતે જીલ્લા કક્ષાએ બીજુ સ્થાન મેળવ્યું હતું. ગ્રામ પંચાયતને રૂપિયા ત્રણ લાખનો પુરસ્કાર અપાયો.

--------------------------------------------------------------------------------

## ક્રિકેટ-1-ભારત-શ્રીલંકા મહિલા શ્રેણી:

ભારત અને શ્રીલંકા વચ્ચે રમાઈ રહેલી મહિલા ક્રિકેટ ત્રિકોણીય શ્રેણીની પહેલી મેચમાં ગઈકાલે ભારતે શ્રીલંકાને નવ વિકેટથી હરાવ્યું.વરસાદથી પ્રભાવિત આ મેચમાં શ્રીલંકાએ આપેલું 148 રનનું લક્ષ્ય ભારતીય મહિલા ક્રિકેટ ટીમે 1 વિકેટના ભોગે પ્રાપ્ત કરી વિજય મેળવ્યો હતો.

--------------------------------------------------------------------------------

## ક્રિકેટ-2 આઈ.પી.એલ-2025:

આઈ.પી.એલ-ટી-20 ક્રિકેટ સ્પર્ધા 2025માં ગઈકાલે દિલ્હી ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ ઈલેવને દિલ્હી કેપિટલ ઈલેવનને પરાજીત કરી હતી.જયારે મુંબઈ ખાતે રમાયેલી બીજી મેચમાં મુંબઈ ઈન્ડીયન્સ ઈલેવને લખનૌ સુપર જાયન્ટસ ઈલેવન સામે જીત મેળવી હતી.

જયારે જયપુર ખાતે આજે ગુજરાત ટાઇટન્સ ઈલેવન અને  રાજસ્થાન રોયલ્સ ઈલેવન વચ્ચે મેચ રમાશે.

-------------------------------------------------------------------------------------